# સેના પડકારોને પહોંચવા સજ્જ

## યુદ્ધવિરામના ભંગને ચલાવી લેવામાં આવશે નહીં : સેના વડા

નવી દિલ્હી,તા. ૧૫

અંકુશ રેખા પર એક જવાનના માથાને કાપી નાંખવાના પાકિસ્તાનના કૃત્ય અંગે ભારતીય સેનાના વડા જનરલ બિક્રમસિંહે આજે ભારે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યુ હતુ કે સેના દેશની સામે ઉભા થયેલા તમામ આંતરિક અને બહારના પડકારોને પહોંચી વળવા માટે સક્ષમ છે. બિક્રમસિંહે ૬૫માં સેના દિવસના પ્રસંગે પોતાના સંબોધનમાં કહ્યુ હતુ કે તેમણે એમ કહેતા ગર્વ થાય છે કે ભારતીય સેના દેશની અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે તૈયાર છે. ભારત હાલમાં ઘણા પડકારોનો સામનો કરી રહ્યુ છે પરંતુ સેના તમામ પડકારોને પહોંચી વળવા સક્ષમ છે. જનરલ સિંહે ઈન્ડિયાગેટ સ્થિત શહિદ સ્મારક, અમરજવાન જ્યોતિ પર શહિદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે સૈનિકોને વીરતા પુરસ્કાર પણ અપાયા હતા. દિલ્હીમાં છાવણી ક્ષેત્રમાં આર્મી પરેડને સંબોધિત કરતા તેમણે કહ્યુ હતુ કે સેનાએ દેશની અપેક્ષાઓને હંમેશા પૂરી કરી છે. દેશના વિકાસમાં પણ મહત્વની ભૂમિકા રહેલી છે. સેના પ્રમુખે ચકાસણી અને નજર રાખવાની બાબતને વધુ મજબુત બનાવવાની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે યુએન મિશનમાં ત્રીજી સૌથી મોટી સેના ભારતની છે. ઘણા દેશો સાથે લશ્કરી સહકાર વધારવામાં આવ્યું છે. સેનાના હિરોને બહાદુરી સન્માન અપાયા બાદ તેમણે કહ્યુ હતુ કે ભારતીય સેના સંપૂર્ણપણે સજ્જ છે. ભારતીય સેના ખૂબજ મુશ્કેલ ક્ષેત્રોમાં પણ સક્રીય થયેલી છે. દેશના મુલ્યો પ્રત્યે અમે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. માનવઅધિકારના મામલાઓમાં પણ ટ્રેક રેકોર્ડ ખુબ સારા છે. બિક્રમસિંહે અગાઉ પાકિસ્તાની સૈનિકો દ્વારા ભારતીય જવાનોની હત્યાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.



તેમણે ચેતવણી આપતા કહ્યું છે કે જો હવે પાકિસ્તાનની સેના યુદ્ધ વિરામનો ભંગ કરશે તો ભારત જડબાતોડ જવાબ આપશે. ભારત પણ ગોળીનો જવાબ ગોળીથી જ આપશે તેવો સંકેત સેનાના વડાએ આવ્યો છે. અતિ કઠોર વલણ અપનાવીને તેમણે કહ્યું છે કે જમ્મુ કાશ્મીરના મંડેર વિસ્તારમાં અંકુશ રેખા પર છઠ્ઠી જાન્યુઆરીના દિવસે બે ભારતીય જવાનોની ઘાતકી હત્યા પાકિસ્તાન દ્વારા યોજનાપૂર્વક કરવામાં આવી હતી. પહેલાથી જ આની યોજના બનાવી લેવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે યોગ્ય જવાબ આપવાનો ભારતને અધિકાર છે. સેના દિવસની પૂર્વ સંધ્યા પર જનરલ સિંહે કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા સ્થિત ભારતીય ચોકીઓ પર પાકિસ્તાન દ્વારા ગોળીબારનો ભારત દ્વારા જવાબ બિલકુલ યોગ્ય છે. તેમણે કહ્યું હતું કે યુદ્ધ વિરામની સમજુતી ૨૦૦૩થી અમલી છે. કેટલાક મામલાને બાદ કરતા આ સમજુતી અમલી છે. યુદ્ધ વિરામનો ભંગ કરવા માટે પાકિસ્તાન સંપૂર્ણપણે જવાબદાર છે. ભારતીય જવાનોની હત્યા ખુબ કાયરતાપૂર્વકનું કૃત્ય છે. સેનાના પ્રમુખે કબુલાત કરી હતી કે ચોક્સપણે આ હુમલો પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવ્યો હતો પરંતુ તેમાં ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના ત્રાસવાદીઓની સંડોવણીને નકારી શકાય નહી. અંકુશ રેખા પર સેનાના જવાનોનો નૈતિક જુસ્સો ખુબ ઉચો છે તેમ જણાવીને વડાએ કહ્યું હતું કે શહીદ જવાન હેમરાજના પરિવારની સાથે જ સેના છે. માથુ કાપી નાંખવાની ઘટના અંગે તેમણે કહ્યું હતું કે ભારતીય સેના ક્યારેય પણ આવા કૃત્ય કરશે નહી. તેમણે એમ પણ કહ્યું હતું કે અમે દુશ્મનોના મૃતદેહોનું પણ સન્માન કરીએ છીએ. કારગીલ યુદ્ધમાં પણ અમે આવુ જ કર્યું હતું. સરહદ પર ફરજ બજાવી રહેલા ભારતીય જવાનો અને અધિકારીઓની ભૂમિકાની તેમણે ભારે પ્રશંસા કરી હતી.

**મનમોહનસિંહનુ કઠોર વલણ**

### પાકિસ્તાન સાથે સંબંધો સામાન્ય રહી શકે જ નહીં

અંકુશ રેખા પર હાલમાં વધી ગયેલી તંગદીલી વચ્ચે બારતે આજે તેનુ વલણ વધારે કઠોર બનાવ્યું હતું. વડાપ્રધાન મનમોહનસિંહે કહ્યું હતું કે પાકિસ્તાનના સૈનિકો દ્વારા બે બારતીય જવાનોની ઘાતકી હત્યા બાદ આ પ્રકારના વાતાવરણમાં તેની સાથે સંબંધો સામાન્ય રાખવાની બાબત ખુબ મુશ્કેલ છે. પાકિસ્તાન દ્વારા કરાયેલા કૃત્યને કોઈ પણ રીતે યોગ્ય ગણી શકાય નહી. જો કે સિંહે આશા વ્યક્ત કરી હતી કે પાકિસ્તાન તેની ભુલને સુધારશે.તેમણે કહ્યું હતું કે જે લોકોએ પણ બે ભારતીય જવાનોના માથા કાપી નાંખ્યા હતા તેમને સજા મળવી જોઈએ. સિંહે કહ્યું હતું કે આવા વાતાવરણમાં સંબંધો જાળવવા ખુબ મુશ્કેલ છે. અત્રે નોંધનીય છે કે આઠમીજાન્યુઆરીના દિવસે પાકિસ્તાની સૈનિકોએ અંકુશ રેખાની અંદર ઘુસીને બે ભારતીય જવાનોની હત્યા કરી હતી. આનો ભારે વિરોધ થયો હતો. દેશના તમામ રાજકીય પક્ષો પાકિસ્તાન સામે કઠોર કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. ભારતીય જવાનોની હત્યા માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની વડાપ્રધાને માંગ કરી હતી.

## ધમકી મળ્યા બાદ પાકિસ્તાની હોકી ખેલાડીઓ સ્વદેશ પરત

નવી દિલ્હી,તા. ૧૫

અંકુશ રેખા પર તાજેતરમાં બનેલા બનાવ બાદ મુંબઈમાં શિવ સેનાએ ધમકી આપ્યા બાદ હોકી ઈન્ડિયામાં લીગમાં ભાગ લઈ રહેલા તમામ પાકિસ્તાની ખેલાડીઓ સ્વદેશ પરત ફર્યા છે. પાકિસ્તાની ખેલાડીઓ સ્વદેશ પરત ફરતા તંગદીલી હવે ચરમસીમાએ પહોંચી ગઈ છે. અહેવાલોમાં જણાવાયું છે કે પાકિસ્તાની હોકી ફેડરેશને આ નિર્ણયની માહિતી આપતા કહ્યું ચે કે પાકિસ્તાનના ખેલાડીઓ ભયભીત હતા. પાકિસ્તાની હોકી ફેડરેશને અગાઉ નિવેદન જારી કરીને કહ્યું હતું કે ભારતમાં ઈન્ડિયન હોકી લીગમાં ભાગ લઈ રહેલા નવ પાકિસ્તાની ખેલાડીઓ બિલકુલ સુરક્ષિત છે. આ સ્પર્ધામાં ભાગ લેવાને લઈને કોઈ પણ સુરક્ષા ચિંતા નથી. જો કે પાકિસ્તાની ખેલાડીઓ હવે એકાએક સ્વદેશ પરત ફર્યા છે. શરૂઆતમાં પાકિસ્તાની ખેલાડીઓ રમવા માટે ઉત્સુક હતા પરંતુ તાજેતરમાં ભારતમાં વિરોધ વધી રહ્યો હતો. અંકુશ રેખા પર થઈ રહેલા ગોળીબાર સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. શિવ સેના અને અન્ય રાજકીય પક્ષો દ્વારા પાકિસ્તાની ખેલાડીઓની ભાગીદારીનો વિરોધ કરવામાં આવી રહ્યો હતો. પાકિસ્તાને આખરે પોતાના ખેલાડીઓને પાછા બોલાવી લીધા . પાકિસ્તાની ખેલાડીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને આખરે પાકિસ્તાન હોકી ફેડરેશને તેના તમામ નવ ખેલાડીઓવને પાછા બોલાવી લેવાનો નિર્ણય કર્યો છે.

## એલઓસી પર ટેન્શન : સિંહે જેટલી-સુષ્મા સાથે કરી વાત

નવી દિલ્લી, તા.૧૫

અંકુશ રેખા પર હાલમાં ઉભી થયેલી પરિસ્થિતી વચ્ચે વડાપ્રધાન મનમોહનસિંહે ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજ અને અરૂણ જેટલી સાથે વાતચીત કરી છે. સાથે સાથે એવી ખાતરી પણ આપવામાં આવી છે કે વિપક્ષને દરેક સ્થિતી અંગે માહિતી આપવામાં આવસે. વડાપ્રધાનને ભાજપના નેતાઓને કહ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનન નિયંત્રણ રેખાની તાજા ઘટનાક્રમ અંગે તેમની સાથે વાતચીત કરશે.ઉલ્લેખનીય છે કે આઠ જાન્યુઆરીએ પાકિસ્તાનએ સંઘર્ષ વિરામનો ભંગ કરી બે ભારતીય જવાનોના માથા કાપી નાંખ્યા હતા. પાકિસ્તાની સેનાએ ભારતીય સેનાના લાંસ નાયક હેમરાજનું માથુ કાપી નાખ્યુ હતું.એલઓસીની સ્થિતિ અંગે માહિતી આપવા માટે આજે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનને લોકસભામાં વિપક્ષ નેતા સુષ્મા સ્વરાજના ઘરે પહોચી ગયા હતા.તેમની સાથે મુલાકાત માટે રાજયસભાના વિપક્ષ નેતા અને ભાજપ નેતા અરુણ જેટલી પણ હાજર હતા.

ઉત્તર ભારતના અનેક ભાગોમાં કાતિલ ઠંડી

## ધુમ્મસની ચાદર : વિમાની સેવાને પ્રતિકુળ અસર થઇ

નવી દિલ્હી,તા. ૧૫

ઉત્તર ભારતના અનેક ભાગો હજુ પણ કાતિલ ઠંડીના સંકજામાં છે. તીવ્ર ઠંડીના કારણે જનજીવન પર માઠી અસર થઈ છે. દિલ્હી વિમાનીમથકે ધુમ્મસની ચાદર છવાઈ જવાના કારણે વિમાની સેવાને અસર થઈ હતી. ફલાઈટોના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી. જેથી મોટી સંખ્યામાં વિમાની યાત્રીઓને મુશ્કેલીનો સામનો કરવાની ફરડ પડી હતી. વિમાનીમથક પર ઠંડીની સ્થિતીમાં લોકોને વધારે સમય સુધી રોકાવવાની ફરજ પડી હતી. ૨૫ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટોના સમયમાં ફેરફાર કરવાની ફરડ પડી હતી. દિલ્હીમાં ધુમ્મસના કારણે લોકોને સવારમાં તકલીફ પડી હતી. બીજી બાજુ રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં પણ લોકોને તીવ્ર ઠંડીનો સામનો કરવો પડ્યો હતો. આ તમામ રાજયોમાં અનેક જગ્યાએ તાપમાન ખુબ નીચે પહોંચી ગયું હતું. ખાસ કરીને રાત્રી તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો હતો. જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઉચાણવાળા ભાગોમાં હાલમાં હિમવર્ષા થઈ છે. જેથી ઠંડીમાં વધારો થયો છે. આ સ્થિતીમાં હજુ કોઈ સુધારો થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે.

## મહાકુંભના પ્રથમ દિવસે ૮૨ લાખનુ સ્નાન

અલ્હાબાદ,તા. ૧૫

દર ૧૨ વર્ષમાં એક વખત યોજાતા મહા કુંભ મેળાની ઉતરાયણના દિવસે એટલે કે ગઈકાલે રવિવારે શાનદાર અને શાંતિપૂર્ણ રીતે શરૂઆત થઈ હતી. પ્રથમ દિવસે ધાર્મિક વાતાવરણની વચ્ચે ૮૨ લાખ લોકોએ પવિત્ર સ્નાન કર્યું હતું. મળેલી માહિતી મુજબ કુંભ સ્નાનમાં સૌથી પહેલા મહાનિર્વાણી અને અટલ અખાડા અને ત્યારબાદ નિરંજની અને આનંદ અખાડાના લોકો જોડાયા હતા. ત્યારબાદ ક્રમશ જુન, અગ્નિ, તેમજ આવાહન અખાડાના લોકો જોડાયા હતા. સન્યાસી સાત અખાડા બાદ મોટા ઉદાસીન અને નવા ઉદાસીન અખાડા સાથે જોડાયેલા લોકો સ્નાનમાં જોડાયા હતા. સૌથી અંતે નિર્મલ અખાડાના લાકોએ સંગમ સ્થાન પર કુંભ સ્નાન કર્યું હતું. સામાન્ય લોકો પવિત્ર સ્નાનનો લાભ લેવા માટે રાત્રે ૧૦ વાગ્યાથી જ સંગમ સ્થાન પહોંચવા લાગી ગઈ હતી. મહિલા, બાળકો, વિકલાંગો પણ સ્નાનમાં જોડાયા હતા. બે મહિના સુધી હવે કુંભ મેળો ચાલશે. નાગા સાધુ જુલુસની સાથે સંગીતના માહોલમાં સંગમ ખાતે પહોંચ્યા હતા. તેમના લીડરો શણગારેલા હાથીઓ પર પહોંચ્યા હતા. અખાડાઓને સ્નાન માટે તેમના જુલુસના કદના આધારે ૩૦ મિનિટથી એક કલાક સુધીનો સમય



આપવામાં આવ્યો હતો. મહાકુંભ મેળાની ૧૦મી માર્ચના દિવસે પૂર્ણાહુતિ થશે. મેળાની તમામ તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી હતી.ગંગા, યમુના અને સરસ્વતી નદીના સંગમ સ્થાન અલ્બાહાદ ખાતે મહાકુંભ મેળાની તૈયારીછેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. કુંભ મેળા વેળા પવિત્ર સ્નાન કરવા માટે ૧૦ કરોડથી વધારે શ્રદ્ધાંળુઓ પહોંચનાર છે. કુંભ મેળો સોમવારે શરૂ થયા બાદ ૫૫ દિવસ સુધી ચાલશે. આ મેળાની ૧૦મી માર્ચે પુર્ણાહુતિ થશે. કુંભ મેળાને ધ્યાનમાં લઈને પહેલાથી ૧૨૦૦૦ પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. આયોજકોએ ૩૫૦૦૦ ટોઈલેટ સ્થાપિત કરી છે. ૧૪ મેડિકલ સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે. ૨૨૦૦૦ સ્ટ્રીટ લાઈટો ગોઠવવામાં આવી છે. ૧૫૦ કિલોમીટરના કામચલાઉ રસ્તા ખાતે ખાસ વ્યવસ્થા ગોળવવામાં આવી છે. નવી સેવેજ સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. વ્યુહાત્મક સ્થળ પર સીસીટીવી કેમેરા પણ ગોઠવી દેવામાં આવ્યા છે. લોકોને લાવવા અને લઈ જવા માટે આશરે ૭૦૦૦ બસ અને ૭૫૦ ટ્રેનો રહેશે.વર્ષ ૨૦૧૩ના કુંભ મેળામાં સૌથી મોટા સ્નાનના દિવસ તરીકે ૧૪મી જાન્યુઆરી, ૨૭મીજાન્યુઆરી, ૧૦મી ફેબ્રુઆરી, ૨૫મી ફેબ્રુઆરી, ૧૦મી માર્ચ રહેશે. બસંત પંચમીને સૌથી મોટા શુભ દિવસ તરીકે જોવામાં આવે છે.કુંભને ધ્યાનમાં લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. સરકારને જંગી કમાણી પણ થનાર છે.

## તો બદલામા પાકના ૧૦ માથા લઈ આવો : સુષ્મા

નવી દિલ્હી, તા.૧૫

ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજે અંકુશ રેખા પર હાલ રહેલી સ્થિતી અંગે કઠોર વલણ અપનાવ્યું છે. સ્વરાજે કહ્યું હતું કે જો જો પાકિસ્તાન શહીદ થયેલા લાંસ નાયક હેમરાજના માથાને પરત ન આપે તો ભારતે પણ તેની સાથે આવુ જ વર્તન કરવુ જોઈએ અને તેના ૧૦ જવાનોના માથા કાપ નાંખવા જોઈએ.

સુષ્મા સ્વરાજે કેન્દ્ર સરકારને પડોશી દેશ સામે કઠોર કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો. ભાજપના અધ્યક્ષ નિતિન ગડકરી અને સાંસદ રાજનાથસિંહની સાથે હેમરાજના પરિવાર સાથે મુલાકાત કરી સુષ્માએ પત્રકારોને કહ્યું હતું કે જો તેમનુ (હેમરાજ)નુ માથુ (પાકિસ્તાનથી) પાછુ નહીં આપવામાં આવે તો પાકિસ્તાનના ૧૦ જવાનોના માથા કાપી નાંખવામાં આવે તે જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની સેનાના સૈનિકોએ આઠ જાન્યુઆરીએ જમ્મૂ કાશ્મીરના પૂંછ સેક્ટરમા નિયંત્રણ રેખાના આ બાજુ ભારતીય સીમામા દાખલ થઈ લાંસ સુધાકર સિંહ અને લાંસનાયક હેમરાજ ની હત્યા કરી નાખી હતી.

## મારૂતિની કિંમતમાં આજથી ૨૦૦૦૦નો વધારો અમલી

નવી દિલ્હી,તા. ૧૫

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકીએ આજે જણાવ્યું હતું કે તેની તમામ કારની કિંમતમાં રૂપિયા ૨૦,૦૦૦નો વધારો આવતીકાલથી અમલી બનાવવામાં આવનાર છે. મારૂતિ બાદ અન્ય કાર કંપનીઓ પણ આ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. હવે કંપનીઓ વધતા જતા ખર્ચને ધ્યાનમાં લઈને આ દિશામાં આગળ વધી શકે છે. હાલમાં કાર કંપનીઓ જુદા જુદા પડકારોનો સામનો કરી રહી છે. મારૂતિ સુઝુકીના ચીફ ઓપરેટિંગ ઓફિસર મયંક પારેખે કહ્યું હતું કે તેની તમામ કારની કિંમતમાં આવતીકાલથી વધારો અમલી બનશે. આ વધારો ૨૦,૦૦૦ સુધીનો રહેશે. પારેખે કહ્યું હતું કે તમામ પાસાઓ પર વિચારણા કરવામાં આવ્યા બાદ આ દિશામાં વિચારણા થઈ હતી. આખરે ભાવ વધારો અમલી બનાવવામાં આવી રહ્યો છે. ગયા મહિનામાં કંપનીએ કારની કિંમતમાં ૧-૩ ટકાનો વધારો કર્યો હતો. પારેખે કહ્યું હતું કે કંપની કોઈ પણ પ્રકારની સ્પર્ધા ભાવમાં વધારો કરી છેડી રહી નથી. કંપની હાલમાં જુદી જુદી અનેક લોકપ્રિય કાર વેચે છે જેમાં મારૂતિ ૮૦૦થી લઈને ઈમ્પોર્ટેડ કિઝાશીનો સમાવેશ થાય છે. મારતિની કાર ૨.૦૯ લાખથી લઈને ૧૭.૫૨ લાખ સુધીની હોય છે. આ નાણાંકીય વર્ષના તેના બીજા ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીના નેટ નફામાં ૫.૪૧ ટકાનો ઘટાડો થયો હતો. તેનો નેટ નફો ઘટીને ૨૨૭.૪૫ કરોડ સુધી પહોંચી ગયો હતો. કંપનીના નફામાં ઘટાડો થવા માટે અનેક પરિબળો જવાબદાર રહ્યા હતા જેમાં માનેસર પ્લાન્ટ ખાતે થયેલી હિંસાનો સમાવેશ થાય છે. આ હિંસાના કારણે કારના નિર્માણમાં માઠી અસર થઈ હતી. પ્લાન્ટને બંધ રાખવાની ફરજ પડી હતી. આ નાણાંકીય વર્ષ દરમિયાન જુલાઈ-સપ્ટેમ્બરના ગાળા દરમિયાન કંપનીને એકંદરે ૩૫૦ કરોડની અસર થઈ હતી.

### બરૌની-ગ્વાલિયર ટ્રેનના ચાર ડબામાં લાગેલી આગ


લખનૌ,તા. ૧૫

ઝાંસી નજીક મૌંઠ ગામ રેલવે સ્ટેશન પર રહેલી બરૌની-ગ્વાલિયર મેઈલના ચાર ડબામાં એકાએક આગ ફાટી નિકળી હતી. આ બનાવના કારણે ઝાંસી-કાનપુર રેલવે માર્ગ પર ટ્રેન સેવાને આશરે બે કલાક સુધી માઠી અસર થઈ હતી. ઝાંસી મંડળના પીઆરઓ રવિ પ્રકાશે કહ્યું હતું કે ગ્વાલિયર જતી ટ્રેનના એસ-૮ સ્લીપર કોચમાં આગ ફાટી નિકળી હતી. આગ ટુંક સમયમાં જ અન્ય ત્રણ ડબામાં ફેલાઈ ગઈ હતી. તેમણે કહ્યું હતું કે ત્રણ બોગીઓને ભારે નુકસાન થયું હતું અન્ય એક ડબાને આંશિક નુકસાન થયું હતું. પ્રકાશે કહ્યું હતું કે આ બનાવમાં કોઈને ઈજા થઈ ન હતી. આગ ફાટી નિકળી હતી.

## સલમાનખાન હવે સોશિયલ મિડિયા ઉપર પણ નંબર વન

મુંબઈ,તા. ૧૫

સલમાનખાન બોલિવુડમાં હવે કોઈ પણ વિવાદ વગર કિંગ તરીકે ઉભરી આવ્યો છે. સલમાનની લોકપ્રિયતા હવે ચરમસીમા પર છે. ફિલ્મોમાં, ટીવી, જાહેરાત અને હવે સોશિયલ મિડિયામાં પણ તે નંબર વન બની ગયો છે. બોક્સ ઓફિસ પર કિંગ તરીકે તે રહ્યો છે. વર્ષ ૨૦૦૯માં વોન્ટેડ ફિલ્મ આવ્યા બાદ સલમાનખાનની તમામ ફિલ્મો સુપરહિટ રહી છે. તેની જે ફિલ્મો સફળ રહી છે તેમાં દબંગ, રેડી, બોડીગાર્ડ અને એક થા ટાઈગર અને હવે દબંગ-૨નો સમાવેશ થાય છે. સલમાને સાબિતી આપી છે કે તેના નામ પર જ ફિલ્મો હવે હિટ થઈ રહી છે. રિસર્ચમાં જણાવ્યું મુજબ ખાન સોશિયલ મિડિયા પર પણ નંબર વન છે. દબંગ સ્ટારના ચાહકો માટે ખુબ સારા સમાચાર છે. સલમાન હવે લોકપ્રિયતાના મામલે અન્ય તમામથી આગળ નિકળી ગયો છે. જેમાં મેહાસ્ટાર અમિતાભ બચ્ચન અને તેના નજીકના હરિપ શાહરૂખખાનનો સમાવેશ થાય છે. સુત્રોએ કહ્યું છે કે આ રિસર્ચ કરતી વેળા તમામ નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સલમાનના ચાહકો હવે ફેસબુક, ટ્વિટર, ગુગલ અને યુ ટ્યુબ પર પણ સતત વધી રહ્યા છે.ય સલમાન ફેસબુક પર હાલ ૭૫૧૬૫૯૭ ફોલોઅર્સ છે. જ્યારે ટ્વિટર પર



૩૨૬૬૮૮૨ ફોલોઅર્સ છે. માત્ર ફેસબુક અને ટ્વિટર પર જ નહી તેના ચાહકોની સંખ્યા બલ્કે તેના યુ ટ્યુબ પર વિડિયો જંગી છે. ગુગલ પર તેના ૨૭૭૪ ફોલોઅર્સ છે. સલમાન છેલ્લા કેટલાક વર્ષોથી એકચક્રી શાસન જાળવી રાખવામાં સફળ રહ્યો છે. સલમાન સામે હાલમાં અમિતાબ, શાહરૂખ અને આમીર ખાન પણ પાછળ રહ્યા છે. તેના નામ પર ફિલ્મો ચાલી રહી છે. બોલિવુડમાં સૌથી જંગી રકમ પણ તે હાલમાં લઈ રહ્યો છે. તમામ મોટા નિર્માતા નિર્દેશકો હાલમાં તેની સાથે કામ કરવા માટે તૈયાર છે. તેની પાસે સમયનો ભારે અભાવ દેખાઈ રહ્યો છે. હાલ તેની પાસે તેના ભાઈ સોહેલ ખાનની ફિલ્મ સામેલ છે. સાજિદખાનની ફિલ્મમાં પણ તે કામ કરનાર છે.

### Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

માત્ર ૭ ચોપડી ભણેલો મિથીલેશ નાનપણથી જ ચીટર હતો. એ જયારે ૭માં ધોરણમાં હતો અને કાકા પાસે પેન માગી તો એમણે ના પાડી, મિથીલેશે દૂરથી જ જોયું કે કાકા શું લખે છે અને બીજે દિવસે સિવાનનાં માર્કેટમાં કાકાની ઓળખાતીનાં દુકાને એક કાગળ લઈ પહોંચ્યો અને કાકાના નામે ૫૦૦ પેન લઈ આવ્યો... આખા ગામમાં ૫-૧૦ પેનો સહુને ભેટમાં આપી દીધી. બીજે દિવસ દુકાનદાર પેલો કાગળ લઈ કાકા પાસે પૈસા લેવા આવ્યો તો કાકા અચંબામાં પડી ગયા. બનાવટી સહી કરી ભત્રીજો ચૂનો લગાડી ગયો...

બિહાર છોડી ભાગેલો મિથીલેશ કુમાર મુંબઈમાં જઈને નવું નામ મિ.નટવરલાલ અગ્રવાલ ધારણ કરી લીધું અને એની ઠગવાની માયાજાળ ચાલુ થઈ ગઈ... મિથીલેશ કુમારે નટવરલલાલ, ભુખલ પ્રસાદ, રાધેશ્યામ અગ્રવાલ, બાંકે બિહારી, માસ્ટર મુરારી, જયરામ જેવા વિવિધ નામો ધારણ કરેલા... મિથીલેશને સંતાનોમાં એક માત્ર દીકરી હતી. જેનાં લગ્ન એમનાં જ ગામમાં થયેલાં... કન્યાદાન કરવા મિ. નટવરલાલ આવશે એવી પાક્કી બાતમી મળતાં છુપી પોલીસો પહેલો લગાવી દીધેલો.... મિથીલેશ સ્ત્રીનાં રૂપમાં આવ્યો, કન્યાદાન કર્યું અને ગામમાંથી ભાગતાં ભાગતાં પોલીસની ટીખળ પણ કરતો ગયેલો!!

મિ. નટવરલાલનાં ઘણાં નાના-મોટા કિસ્સા એમનાં ગામનાં લોકો કહેતાં જોવા મળે છે. કાનપુર જેલમાંથી એ પોલીસનો વેશ પહેરીને જ ભાગી છૂટેલો... મોટા ભાગે ઉદ્યોગપતિ અને શ્રીમંતોને લૂંટનારો મિ. નટવરલાલ પોલીસને થાપ આપવામાં પણ ઉસ્તાદ હતો.

મિ. નટવરલાલનો અધિકૃત બાયોડેટા પણ મજાનો છે. સૌથી વધુ ગુનાનો આરોપી. આઠ રાજયોની પોલીસનો મોસ્ટ વોન્ટેડ. હાથચાલાકી, છેતરપીંડી, ઠગાઈ માટેની સર્વાધિક કલમ ૪૨૦ નો ગુનેગાર. ૧૧૩ વર્ષની સજા પામેલો, અનેક વખત ધરપકડ થયેલી. દરેક વખતે જેલમાંથી ભાગી છૂટવામાં સફળ થયેલો. સૌથી છેલ્લે ૧૯૯૬માં કાનપુર જેલમાંતી દિલ્લી લવાયેલો ત્યારે વ્હીલચેર પરથી પ્લેટફોર્મથી ફરાર થયેલો જયારે એની ઉંમર ૮૪ વર્ષની હતી. એ પેછીએ કોઈને દેખાયો નથી... ૨૦૦૯માં મિ. નટવરલાલના વકીલે નટવરલાલ વિરૂધ્ધ ચાલતા ૧૦૦ થી વધુ કેસોનો નિકાસ કરવાનો આગ્રહ કર્યો કારણ એમનું કહેવું હતું કે ૯૭માં વર્ષે એમનું નિધન થઈ ચૂક્યું છે...

૫૦થી વધુ નામ અને હરતાં ફરતાં ઠગી લેવામાં નિષ્ણાંત મિ. નટવરલાલ સ્માર્ટ અને હેન્ડસમ હતો એની વાચાળ મોહી લેવાની સ્ટાઈલ પર જ લોકો ફસાઈ જતાં અને રૂપિયા ધરી દેતો. મશહૂર લોકોની સિગ્નેચરની કૉપી મારી લૂંટવાનો એને ક્રેઝ હતો. મુંબઈનાં મોટા ઉદ્યોગપતિઓની સહીની ડુપ્લીકેટ મારી એણે ઘણાં રૂપિયા લૂટેલાં જે ગરીબોમાં વહેંચી દીધેલાં. નકલી ડિમાન્ડ ડ્રાફ્ટ પહેરાવવામાં પણ આ મિ. નટવરલાલે સ્માર્ટનેસ બતાવી ઊઘાડી લૂંટ ચલાવેલી... મિ. નટવરલાલનાં ગામ બરંગાથી માત્ર ૨ કિ.મી.ના અંતરે જીરાદેઈ ગામ છે... વિધિની વિચિત્રતા જુઓ એકદમ નજીકનાં ગામમાંથી એક ગામે ભારતને રાષ્ટ્રપતિ આપ્યો અને બીજા ગામે દંતકથા સમાન ૨૪૦ મિ. નટવરલાલ આપ્યો!!

**ચૂંટલો :**

'પીળો રૂમાલની ગાંઠ' નવલકથાનો અમીર અલી ઠગ, પૉલીસની કસ્ટડીમાંથી ફરાર થતો ઠગ ચાર્લ્સ શોભરાજ કરતાંય બિહારનાં નાનકડા ગામમાંથી ભારતનો મહાઠગ બનેલો મિ. નટવરલાલનું નામ વધુ સહેલાઈથી સૌને યાદ છે. છેતરપીંડી, ચિટીંગ અને ઠગાઈ કરતાં માણસોનું શ્રેષ્ઠ ઉપનામ મિ. નટવરલાલ છે, જો જો હોં આપણી પીઠ પાછળ ક્યાંક આવું નામ કોઈ બોલતું નથી ને??